અહીંના યુવાનો ટેકનોલોજીથી વાકેફ છે, એમાંય આઈટીમાં તો અહીંનો યુવા વર્ગ ખૂબ આગળ છે

ગાંધીનગર, તા. ૧૬

ભારતના યુવાનો ટેકનોલોજીથી વાકેફ છે અને એમાંય આઈટીમાં તો અહીંનો યુવા વર્ગ ખૂબ આગળ છે એવો મત લિબિયાને એક યુવાને ગાંધીનગરમાં વ્યક્ત કર્યો હતો.

આજના જમાનામાં જ્યારે આપણા વિદ્યાર્થીઓ બહારના દેશોમાં ઉચ્ચ અભ્યાસ માટે જાય છે ત્યારે ગાંધીનગરના યુવાનો બહારના દેશોના યુવાનોને અહીં તાલીમ આપે એ વાત શહેર અને દેશ માટે ખરેખર ગૌરવની ગણાય. એવું ગૌરવ હાલ ગાંધીનગરને પ્રાપ્ત થયું છે. ગાંધીનગરના યુવાનો દ્વારા એજ્યુકેશન ટીઆરપી માર્ગદર્શન અંતર્ગત લિબિયા દેશથી અલી મોહંમદ નામક ૪૩ વર્ષીય યુવક અહીં છેલ્લા ૧૦ દિવસથી સર્પન્ટ કન્સલ્ટીંગ સર્વિસ પ્રા. લિ.માં તાલીમ લઈ રહ્યા છે.

પ્રથમ વખત ગાંધીનગરની મુલાકાત લઈ રહેલા આ યુવક લિબિયાની રાજધાનીમાં આલ્થોરાઈયા ફોર આઈટી સોલ્યુશન કંપનીમાં ચીફ ટેકનીકલ ઓફિસર તરીકે કાર્ય કરી રહ્યા છે. ગાંધીનગરમાં તેઓ એજ્યુકેશન ડેવલપમેન્ટ સોફ્ટવેર વિષયક તાલીમ લઈ રહ્યા છે, જે દ્વારા કોલેજ કેમ્પસ અને વિદ્યાર્થીઓના કોર્સની વિગતો પ્રાપ્ત થાય છે.

૩ બાળકોના પિતા એવા લિબિયાના આ યુવકે આ અગાઉ દિલ્હી, ચેન્નાઈ, હૈદરાબાદ જેવાં શહેરોની પાંચેક વખત મુલાકાત લીધી છે. તેમના જણાવ્યા અનુસાર ભારતના લોકો ઘણા મિલનસાર અને આતિથ્યની ભાવનાથી સભર છે. અહીંના યુવાનો ટેકનોલોજીથી વાકેફ છે, એમાંય આઈટીમાં તો અહીંનો યુવા વર્ગ ખૂબ આગળ છે અને આ ક્ષેત્રમાં તે ખૂબ પ્રગતિ કરી શકે તેમ છે. જ્યારે લિબિયામાં હજુ કપરો સમય ચાલી રહ્યો છે.

ઓઈલની મુખ્ય પેદાશ પર નભતા આ દેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ નબળી છે અને તેની જાળવણીમાં પોલીસ તથા લશ્કરને પણ નિષ્ફળતા મળી છે. આજે લિબિયન યુવકોના હાથમાં હથિયારો આવી ગયાં છે, જે નવસર્જન માટે બાધારૂપ છે.

૧૦૦ ટકા ઈસ્લામિક એવા આ દેશમાં મહિલાઓની પરિસ્થિતિ ઘણી જ વિકટ છે, તેમ આ યુવકે ઉમેર્યું હતું. તેમણે માહિતી આપી હતી કે લિબિયામાં ૯૦ ટકા અરેબિક ભાષા બોલાય છે અને ૧૦ ટકા સ્થાનિક ભાષા બોલાય છે. હાયર એજ્યુકેશન અને સ્પેશિયલ કોર્સીસમાં અંગ્રેજી ભાષાનું ચલણ છે.

ગુજરાતમાં આવીને અલી મોહંમદ ગુજરાતી વાનગીઓ અને એમાંય ગુજરાતી થાળીના દિવાના બની ગયા છે. અલબત્ત, ગુજરાતીની સાથે એમને પંજાબી વાનગીઓ પણ ખૂબ પસંદ છે.

ભારતના મહાપુરુષો પૈકી મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરૂ, એપીજે અબ્દુલકલામ વિશે તેઓ ઘણી માહિતી ધરાવે છે અને તેમને સન્માનપૂર્વક જુએ છે. એ જ રીતે સદીના મહાનાયક અમિતાભ બચ્ચનની અભિનય કલાના પણ તેઓ કાયલ છે અને અમિતાભની ઘણી ફિલ્મો એમણે જોઈ છે.

આજના યુવાનોને સંદેશ આપતાં અલી મોહંમદ જણાવે છે કે યુવાનોએ વધુ મહેનતુ બનવું જોઈએ અને એકબીજાને સન્માન આપવું જોઈએ, એકબીજાથી પરિચિત થવું જોઈએ અને સ્વાર્થીપણું છોડી-માત્ર પોતાનો વિચાર છોડી, ટેકનોલોજીના માધ્યમથી અન્યોને ઉપયોગી થવું જોઈએ.

(કશ્યપ નિમાવત દ્વારા)

સે. ૪નો બુટલેગર ઝડપાયો ચાર દિવસના રિમાન્ડ મંજૂર

ત્રીજી જુલાઈએ સ્કોડા ગાડી અને મકાનમાંથી ૬૩ પેટી દારૂ-બિયર સહિત કુલ ૫.૪૧ લાખનો મુદ્દામાલ પોલીસે ઝડપ્યો હતો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના ખ માર્ગ પરથી દારૂ-બિયર ભરેલી સ્કોડા ગાડી અને તે ગાડીના માલિકના ઘરેથી દારૂ-બિયારની પેઢીઓ મળીને સે. ૭ પોલીસે રૂા. ૫.૪૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ કેસમાં વોન્ટેડ બુટલેગર સે. ૪નો ધર્મેન્દ્ર વૈષ્ણવ સે.૭ પોલીસના સકંજામાં આવી ગયો છે. પોલીસે તેની ધરપકડ કરીને પૂછપરછ માટે રજૂ કરતાં કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. દારૂ-બિયરનો માલ વેચવા માટે સાબરકાંઠા જિલ્લાના ઈડરખાતેથી તે લાવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

સેક્ટર-૭ પોલીસ મથકના પીએસઆઈ એ જી રાઠોડ તથા પોલીસ કોન્સ્ટેબલ યજવેન્દ્રસિંહ, રતનસિંહ, મૃગેન્દ્રસિંહસ સહિતના સ્ટાફે બાતમીના આધારે ૩જી જુલાઈએ ખ રોડ પર બિનવારસી પડેલી દારૂ-બિયર ભરેલી સ્કોડા ગાડી પકડી પાડી હતી. તે ગાડીના માલિક સે. ૪માં રહેતા હોવાની બાતમી મળતાં તે જ સમયે ઘરે રેડ કરતાં ત્યાંથી પણ દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂા. ૨.૪૧ લાખનો કિંમતનો ૬૩ પેટી દારૂ-બિયરનો જથ્થો મળી કુલ રૂા. ૫.૪૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ કેસમાં બુટલેગર ધર્મેન્દ્ર પરશુરામ વૈષ્ણવ ૧૪ દિવસથી નાસતો ફરતો હતો. પોલીસે ગઈકાલે મોડી સાંજે તેની ધરપકડ કરી લીધી હતી અને તેની પૂછપરછ માટે કોર્ટ સમક્ષ રિમાન્ડની માગણી કરી હતી. કોર્ટે ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે સાબરકાંઠા જિલ્લાના ઈડર વિસ્તારમાંથી દારૂ-બિયરનો જથ્થો ધર્મેન્દ્ર ગાંધીનગર ખાતે વેચવા માટે લાવ્યો હતો. સે. ૭ પોલીસે આ દિશામાં ઊંડી તપાસ શરૂ કરી છે.

સે. ૫ સી.એન.જી. પમ્પના ટ્રાન્સફોર્મરમાં ક્ષતિ ઉદ્‌ભવી

ગાંધીનગર, તા. ૧૬

'ગ' માર્ગ પર સે. ૫માં સ્થિત નવ નિર્મિત સી.એન.જી. ફીલીંગ સ્ટેશનના ટ્રાન્સફોર્મરમાં ક્ષતિ ઉદ્‌ભવી છે. જો કે સી.એન.જી. ફીલીંગ સ્ટેશન હાલ ચાલુ છે. નવા સી.એન.જી. પમ્પમાં હજુ બે યુનિટ ચાલુ હોવાથી કારચાલકોની કતાર લાગે છે.

શહેરમાં અત્યાર સુધી માત્ર બે જ સી.એન.જી. ફીલીંગ સ્ટેશન હોવાના લીધે કાચલાકકોએ સી.એન.જી. ફીલીંગ માટે લાંબો સમય કતારમાં ઉભા રહેવું પડતું હતુ પરંતુ 'ગ' માર્ગ પર સે. ૫ અને સે. ૨૪માં નવા ફીલીંગ સ્ટેશનો શરૂ થતા નવા અને જૂના સેકટરોના વાહનચાલકોને વધુ નજીકમાં ફીલીંગ સ્ટેશનની સુવિધા ઉપલબ્ધ થઈ છે. પરંતુ સે. ૫ સ્થિત નવા સી.એન.જી. પમ્પમાં હજુ બે યુનિટ જ ચાલુ હોવાથી સી.એન.જી. પુરાવવા વાહનચાલકોની કતાર લાગે છે. બીજી તરફ બે દિવસથી સી.એન.જી. પમ્પના ટ્રાન્સફોર્મરમાં પણ ક્ષતિ ઉદ્‌ભવી હોવાથી આ મામલે ટોરેન્ટ તેમજ જી.એસ.પી.સી.ને જાણ કરવામાં આવી છે. નવુ ટ્રાન્સફોર્મર આણંદથી આવશે. જો કે હાલ સી.એન.જી. સ્ટેશન કાર્યરત છે. જ્યારે સૂત્રોના જણાવ્યા મુજબ આગામી સપ્તાહ બાદ અન્ય ત્રણ યુનિટો પણ શરૂ કરી દેવાશે. જેથી સી.એન.જી. વાહનચાલકોને રાહત થશે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા ૨૧મીએ તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૧૬

દર વર્ષની જેમ ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સભ્યોના ધો.-૧થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણો મેળવનાર તેજસ્વી પૌત્રાદીનું જાહેર સન્માન કરવામાં આવશે. તા. ૨૧મી જુલાઈ રવિવાર રોજ બપોરે ૩.૦૦ કલાકે સન્માન કાર્યક્રમ સે.-૨૩માં આવેલ કડી સંકુલના ખીમ વશરામ સંસ્કાર હોલ ખાતે રાખવામાં આવેલ છે.

સન્માન સમારંભના મુખ્ય મહેમાન પદે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહેશે. મહેમાન પદે આઈસીઆઈસના ઝોનલ મેનેજર રાકેશભાઈ સકશેના તથા સીનીયર બ્રાન્ચ મેનેજર ચિરાગભાઈ પંડયા હાજર રહી વિદ્યાર્થીઓનું સન્માન કરશે. ધો.૧થી ૯માં પ્રથમ આવનાર વિદ્યાથીઓને સન્માન મુખ્ય મહેમાન અને મહેમાનો કરશે. જયારે બાકીના તમામ વિદ્યાર્થીઓનું સન્માન સંસ્થાના પદાધિકારીઓ અને પ્રતિનિધિઓ કરશે. સન્માન કાર્યક્રમમાં સન્માનપાત્ર અને રોકડમાં ઈનામ આપવામાં આવશે. આ ઈનામ આઈસીઆઈસી પ્રુન્ડેસીયલ દ્વારા તથા સંસ્થા દ્વારા એકત્ર કરેલ રકમ દ્વારા આપવામાં આવશે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના તમામ સભ્યો કાર્યક્રમમાં હાજર રહેવા આમંત્રણ છે. સાડા ત્રણસો વિદ્યાર્થીઓનું સન્માન કરાશે. ૭૦૦ જેટલા વાલીઓ હાજર રહેશે. તો બપોરે અઢી વાગે હોલમાં હાજર રહેવા જણાવેલ છે.

ડાહ્યાભાઈ પ્રજાપતિ પ્રમુખ, જયંતિભાઈ ભટ્ટ કાર્યકારી પ્રમુખ, મહામંત્રી કે.ઓ.વ્યાસે ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજે જણાવેલ છે.

કુટીર ઉદ્યોગ તાલીમ કેન્દ્રમાં ચાલતા વર્ગોમાં પ્રવેશ જોગ

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત સરકાર દ્વારા કુટીર ઉદ્યોગ તાલીમ કેન્દ્ર સેક્ટર-૧૩માં ધોરણ-૭ થી ધોરણ-૧૦ સુધી અભ્યાસ કરેલા ઉમેદવારો માટે આઠ જેટલા એક વર્ષના અભ્યાસક્રમો ચાલે છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર પાસેના સેક્ટર-૧૩ ખાતેના કુટીર ઉદ્યોગ તાલીમ કેન્દ્ર હેન્ડલૂમ ટેકનોલોજીના મકાનમાં ધોરણ-૭ પાસ મહિલાઓ માટે ટેલરીંગ, ધો. ૮ પાસ માટે વાયરમેન, ધોરણ-૯ પાસ માટે રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશન, ઓટો રીપેર્સ, ડીટીપી સ્ક્રીન પ્રિન્ટીંગ એન્ડ બાઈન્ડીંગ તથા ધોરણ-૧૦ પાસ ઉમેદવારો માટે ફીટર વર્ગ, ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક, ઈલેક્ટ્રીશ્યન જેવા વિવિધ કોર્ષો ચાલે છે. આ અભ્યાસક્રમમાં જોડાવા ઈચ્છતા અરજદારે મદદનીશ નિયામક, કુટીર ઉદ્યોગ તાલીમ કેન્દ્ર, મહાત્મા મંદિર પાસે, હાથશાળ નિગમના મકાનમાં, સેક્ટર-૧૩, ગાંધીનગરને અરજી કરવા અથવા રૂબરૂ મુલાકાત લેવી એમ મદદનીશ નિયામક દ્વારા જણાવાયું છે.

નિલકંઠ સ્વામીને યુવતીઓ સપ્લાય કરનાર દલાલ પકડાયો

ગાંધીનગર, તા.૧૬

કલોલ ગુરુકુળના ચકચારી સ્વામી નિલકંઠના સેકસ કાંડ પ્રકરણમાં આજે વધુ એક આરોપીની ધરપકડ કલોલ તાલુકા પોલીસે કરી છે. બ્લેકમેઈલીંગ કરીને સ્વામિ પાસેથી લાખો રૂપિયાની માંગણી કરનાર ત્રણની ધરપકડ પોલીસે કરી હતી. ત્યાર બાદ સ્વામી વિરુધ્ધ પણ ઈમોરલ ટ્રાફીક એકટનો ગુનો દાખલ થયો હતો.

હજુ સ્વામિ નિલકંઠ પોલીસના સકંજામાં આવ્યા નથી. આજે કલોલ તાલુકા પોલીસે સ્વામીને યુવતીઓ સપ્લાય કરનાર વિજાપુરના દલાલ ચંદા શાહને પકડી પાડી તેની ધરપકડ કરી લીધી છે. પોલીસે તેની ઊંડી તપાસ શરુ કરી છે.

વિકલાંગોને નિઃશુલ્ક સિવણ કામ શિખવતું વિકલાંગ દંપતિ

ગાંધીનગર, તા.૧૬

શરીરે વિકલાંગ હોવા છતાં મનથી તંદુરસ્ત એવા ગાંધીનગરના વિકલાંગ દંપતિએ નગરના વિકલાંગ ભાઈઓને નિઃશુલ્ક સિવણનું કામ શીખવતા વર્ગો શરુ કરી માનવ ગરિમાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે. ગાંધીનગરના સેકટર-૨૪માં શિવમ એપાર્ટમેન્ટ બ્લોક નં. એમ/૭/૭૩ સેવા સદન સંસ્થા અને છાપરામાં રહેતા શરીરે વિકલાંગ ગોવિંદભાઈ ચમાર તેમના પત્ની સાથે વિકલાંગો માટે વિના મુલ્યે શિવણ કલાસ ચલાવે છે અને ભવિષ્યમાં આવા ઉમદા કામ કરવા તૈયાર છે.

પરંતુ સરકાર તરફથી તેમને યોગ્ય મદદ મળે તેવું તે ઈચ્છી રહ્યા છે.

આજે રંગ અવધૂત પરિવાર દ્વારા પાદુકા પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના દત્ત મંદિર, સેક્ટર-૨૮માં આજે પાદુકા પૂજનનો કાર્યક્રમ ભક્તિભાવ પૂર્વક યોજાશે.

શ્રી રંગ અવધૂત પરિવાર, ગાંધીનગરના ઉપક્રમે ત્રિમૂર્તિ દત્ત મંદિરે આજે તા. ૧૭મી જુલાઈએ સવારે ૭ થી ૧૦.૩૦ કલાક દરમિયાન પાદૂકા પૂજન અને સંગીતાબેન કંસારા પ્લોટ નં. ૧૨૫૫/૨, સેક્ટર-૩-એ, ગાંધીનગર ખાતે રાત્રે ૮ થી ૧૦.૩૦ કલાકે દત્ત બાવની સંજીવનીના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. ધર્મપ્રેમી જનતાને તેનો લાભ લેવા નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.

સેમી ડાયરેક્ટરમાં ઉત્તીર્ણ ૩૬ નાયબ સેકશન અધિકારીને બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૧૬

સચિવાલયના વિવિધ વિભાગોમાં નાયબ સેકશન અધિકારી તરીકે ફરજ બજાવતા ૩૬ જેટલા અધિકારીઓ સેમી ડાયરેક્ટ પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં તેમને સેકશન અધિકારી તરીકે બઢતી આપવામાં આવી છે.

નામ	હાલનો વિભાગ	બઢતીથી નિમણૂંકનો વિભાગ
રાજેશ હંસરાજભાઈ ઠક્કર	ગૃહ વિભાગ	મહેસૂલ વિભાગ
ધવલ સૂર્યકાંત શાહ	સામાન્ય વહીવટ વિભાગ	ઊર્જા અને પે.કે.વિ.
ગોપાળભાઈ ભગવાનભાઈ ઝાલા	વન અને પ.વિ.	કૃષિ અને સહકાર વિભાગ (બઢતીના સેકશન અધિકારી)
નિપુલ નરેન્દ્રભાઈ ચાવડા	સામાન્ય વહીવટ વિભાગ	ઉદ્યોગ અને ખાણ વિભાગ
પ્રેરક જશવંતલાલ પટેલ	મહેસુલ વિભાગ	સામાન્ય વહીવટ વિભાગ
કિશોર વલ્લભદાસ હિન્ડોયા	નાણાં વિભાગ	મહેસૂલ વિભાગ
હેમાંગ વસંતલાલ રાણા	કાયદા વિભાગ	સામાન્ય વહીવટ વિભાગ
શ્રીમતી ઉમા કંદર્પભાઈ પાઠક	નાણા વિભાગ	સામાન્ય વહીવટ વિભાગ
બિપિનકુમાર મોહનભાઈ જાદવ	ઊર્જા અને પે.કે.વિ.	ન.જ.સં.પા.પુ. અને ક.વિ.
પુષ્પક હેમેન્દ્રકુમાર ગાંધી	ગૃહ વિભાગ	ગૃહ વિભાગ
અતુલભાઈ નાગજીભાઈ પટેલ	કાયદા વિભાગ	કૃષિ અને સહકાર વિભાગ
પરાગ અભેસિંગભાઈ મછાર	આરોગ્ય અને પ.ક.વિ.	નાણા વિભાગ
ઉપેન્દ્ર જયંતિલાલ ત્રિવેદી	સામાન્ય વહીવટ વિભાગ	ન.જ.સં.પા.પુ. અને ક.વિ.
દેવેન્દ્ર અરવિંદલાલ શાહ	શહેરી વિ.અને શ.ગૃ.નિ.વિ.	શહેરી વિ. અને શ.ગૃ.નિ.વિ. (બઢતીના સેકશન અધિકારી)
રાજેશકુમાર કાંતિલાલ સોની	ગૃહ વિભાગ	શ્રમ અને રોજગાર વિભાગ
એહમદ અબુજીભાઈ બાદી	સામાન્ય વહીવટ વિભાગ	મહેસુલ વિભાગ
ડુંગરશીભાઈ નારણભાઈ પટેલ	સામાન્ય વહીવટ વિભાગ	કૃષિ અને સહકાર વિભાગ
જયેશકુમાર શરદચંદ્ર જોષી	ન.જ.સં.પા.પુ. અને ક.વિ.	શિક્ષણ વિભાગ
નીતિન મણીલાલ ભાવસાર	સામાન્ય વહીવટ વિભાગ	બંદરો અને વા.વ્ય. વિભાગ
શ્રીમતી જયશ્રીબેન ભરતકુમાર શાહ	કૃષિ અને સહકાર વિભાગ	ન.જ.સં.પા.પુ. અને ક.વિ.
લવેશકુમાર નટવરલાલ રાણા	મહેસુલ વિભાગ	માર્ગ અને મકાન વિભાગ
હાર્દિક બાલમુકુન્દ જાની	ન.જ.સં.પા.પુ. અને ક.વિ.	ન.જ.સં.પા.પુ. અને ક.વિ. (બઢતીના સેકશન અધિકારી)
રમેશ મોહનભાઈ પટેલ	મહેસુલ વિભાગ	આરોગ્ય અને પ.ક.વિ.
ઈશ્વરભાઈ અભેચંદભાઈ દેસાઈ	ગૃહ વિભાગ	શહેરી વિ. અને શ.ગૃ.નિ.વિ.
જબરેશ્વર મફતલાલ દવે	ઉદ્યોગ અને ખાણ વિભાગ	કાયદા વિભાગ
દિલીપકુમાર વાડીલાલ પરમાર	કૃષિ અને સહકાર વિભાગ	નાણાં વિભાગ
બળવંતરાય શામજીભાઈ મિસ્ત્રી	મહેસુલ વિભાગ(ગુ.ત.આયોગ)	નાણા વિભાગ
અજીતકુમાર જશવંતરાય માવાણી	ઊર્જા અને પે.કે.વિ.	ઉદ્યોગ અને ખાણ વિભાગ
જયેશ અર્જુનભાઈ ગામીત	સામાન્ય વહીવટ વિભાગ	સામાન્ય વહીવટ વિભાગ
નિલકંઠકુમાર મધુસુદન પંડ્યા	શિક્ષણ વિભાગ	અન્ન, ના.પુ. અને ગ્રા.બા.વિ.
બાબુભાઈ રામાભાઈ પરમાર	મહેસુલ વિભાગ	પંચાયત, ગ્રા.ગૃ.નિ.-ગ્રા.વિ. વિભાગ
અમૃતલાલ પુરૂષોત્તમદાસ મકવાણા	શહેરી વિ.અને શ.ગૃ. નિ.વિ.	શહેરી વિ. અને શ.ગૃ.નિ.વિ. (બઢતીના સેકશન અધિકારી)
ભરતકુમાર લાલસિંગભાઈ ચૌધરી	કૃષિ અને સહકાર વિભાગ	સામાજીક ન્યાય અને અ.વિ.
કુ. જયશ્રી પુરૂષોત્તમભાઈ વસાવા	સામાન્ય વહીવટ વિભાગ	આદિજાતિ વિકાસ વિભાગ
ડાહ્યાભાઈ છોટુભાઈ પટેલ	ગૃહ વિભાગ	આરોગ્ય અને પ.ક.વિ.
દિલીપભાઈ નવજીભાઈ ગામીત	ન.જ.સં.પા.પુ. અને ક.વિ.	ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૭.૧૭

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૭૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
પેસિફિક રીમ૩-ડી(હિન્દી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૩૦
ભાગ મિલ્ખા ભાગ : ૭.૦૦

: સ્ક્રીન-૨ :
લૂટેરા : ૧૦.૧૫, ૪.૦૦
પોલીસગીરી : ૧.૦૦
રાંઝણાઃ ૬.૪૫

: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ :૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

સૂર્યા, વાવોલ

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
પોલીસગીરીઃ ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
લૂંટેરા : ૧૦.૦૦, ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૪.૦૦

થિરાગ, કલોલ

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવના છે. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસ વગેરેનો યોગ. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. કૌટુંબિજનો સાથે વાદવિવાદ ટાળવો.

વૃષભ : કાર્યોમાં નવીન સમસ્યા આવશે, જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહી શકે છે. કર્મક્ષેત્રે કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : આરોગ્ય સંબંધી સામાન્ય હેરાનગતિ રહેવાની સંભાવના છે. ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ બની રહ્યો છે.

કર્ક : મનમાં ઉલ્લાસ અને જોશ રહેશે, જે તમારા કાર્ય તેમજ વેપારને નવી ગતિ પ્રદાન કરશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

સિંહ : સંતાન તરફથી સારા સમાચાર પ્રાપ્ત થશે. વ્યવસાયિક ગોપનીયતા બનાવી રાખવી જરૂરી રહેશે. સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

કન્યા : વ્યવસાયિક યોજનાઓ સફળ થઈ શકે છે. માન-સન્માનનો યોગ બનશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

તુલા : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વ્યાપાર-વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્તિ મળી શકે છે.

વૃશ્ચિક : કુટુંબના સદસ્યો તરફ વિશેષ ધ્યાન આપવું. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે.

ધન : પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યો પણ ઉકેલ આવશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

મકર : વ્યસ્તતા રહેશે. જીવનમાં તનાવ વધશે. પરિચિત વ્યક્તિનો સહયોગ મળવાની સંભાવના છે. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

કુંભ : તમારી બુદ્ધિ અને તર્કથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. આધ્યાત્મિક પ્રવૃત્તિને કારણે મનમાં શાંતિ રહેશે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે.

મીન : શત્રુ તમારી છબીને ધૂમિલ કરવાનો પ્રયત્ન કરી શકે છે, જેથી સાવચેત રહેવું. ઉતાવળ અને ભાગદોડથી કાર્ય કરવાની પ્રવૃત્તિ પર અંકુશ રાખો. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

ચિરવિદાય

- સ્વ. ભગવાનજી રતનજી ચાવડા (ઉ.વ.૯૫) મુ.પો. રાંધેજા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. જેસંઘજી વાઘાજી ઠાકોર (ઉ.વ.૯૫) મુ.પો. ધોળાકૂવા (શબ્દપુરા), તા. માણસા,જિ. ગાંધીનગર.
- સ્વ. રઈબેન આત્મારામ પરમાર(ઉ.વ. ૬૦)પરમાર વાસ મુ.પો. બોરીજ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન ગોવિંદભાઈ જાદવ (ઉ.વ.૬૦)પ્લોટ નં. ૬૯૧/૨, સેક્ટર-૧૩/એ, ગાંધીનગર.